સંદેશ

તા૨૦-૮-૨૦૧૮

૫૫

# સેમકોમ કોલેજ બેડમિન્ટનમાં રનર્સઅપ

વલ્લભવિદ્યાનગર : ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા યોજાયેલ આંતર કોલેજ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં રનર્સઅપ થઈ છે. આ ટુર્નામેન્ટ માટે કોલેજ દ્વારા વિનય પીઠડીયા, ધર્મેશ કલાથીયા, યશ જાની, કેવલ શાહને પસંદ કરાયા હતા. જેમાં તેઓ રનર્સઅપ રહ્યા હતા. પ્રિ. ડૉ. નિખીલ ઝવેરી, ડૉ. અજયરાજ વ્યાસ, ઈ. ડૉ.અંકુર અમીન, પ્રા. ભરત તારાપરાએ ઉમદા જહેમત ઉઠાવી હતી.

સરદાર ગુર્જરી
તા. 12-8-2016

43

# ઈન્ટરકોલેજ બેડમિન્ટન્ટ ટુર્નામેન્ટમાં સેમકોમ કોલેજ રનર્સ અપ બની

આણંદ, તા. ૧૧

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા યોજાયેલ આંતર કોલેજ બેડમિન્ટન્ટ ટુર્નામેન્ટમાં રનર્સઅપ થઈ છે.

આ ટુર્નામેન્ટ માટે કોલેજ દ્વારા વિનય પીઠડીયા, ધર્મેશ કલાથીયા, યશ જાની અને કેવલ શાહને મોકલવામાં આવ્યા હતાં. જેમાં તેઓ રનર્સ અપ થવા પામ્યા હતાં. આચાર્ય ડો. નિખિલ ઝવેરીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડો. અજય રાજ વ્યાસ, સ્પોર્ટ્સ ઈન્ચાર્જ ડો. અંકુર અમીન અને પ્રા. ભરત તારાપરાએ ઘણો જ રસ દાખવ્યો હતો.

સંદેશ
10-8-2016
51

# સેમકોમ કોલેજમાં કાર્યશિબિર યોજાઈ




વલસભવિદ્યાનગર : ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજમાં બેસ્ટ બિઝનેશ આઈડિયા જનરેશન અંગે એક દિવસીય વર્કશોપનુ આયોજન કરવામા આવ્યુ હતું. જેમાં મુખ્ય વકતા તરીકે ઈન્ક્યુબ કનેક્ટફંડના ટીમ સભ્ય સંકેત શાહે સેવાઓ આપી હતી. સ્ટાર્ટ અપ, સ્ટેન્ડ અપ ઈન્ડિયા જેવા વિષયો વ્યાખ્યાનમાં આવરી લેવાયા હતા. પ્રિ.ડૉ. નિખીલ ઝવેરીના જણાવ્યાનુસાર બેસ્ટ બિઝનેશ આઈડીયા સ્પર્ધા વિદ્યાર્થીઓને જે વર્ગમાં શિખ્યા તે તમામ સૈદ્ધાંતિક પાસાઓ જણાવા માટે પુષ્કળ તક આપે છે. કો-ઓર્ડી. યશસ્વી રાજપરા, ડૉ. કોમલ મિસ્ત્રીએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સરદાર ગુર્જરી
તા.10-8-2016

(42)

# સેમકોમ કોલેજમાં બિઝનેશ આઈડીયા જનરેશન અંગે કાર્યશિબિર યોજાઈ





આણંદ, તા.૯
ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે તાજેતરમાં બેસ્ટ બિઝનેશ આઈડીયા સ્પર્ધા અંતર્ગત બિઝનેશ આઈડીયા જનરેશન અંગે એક દિવસીય કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ કાર્યશાળામાં મુખ્ય વક્તા તરીકે ઈન્ક્યુબ કનેક્ટ ફંડ અમદાવાદના મેનેજમેન્ટ ટીમના સભ્ય સંકેત શાહે સેવાઓ આપી હતી. તેઓએ ધંધાકીય આઈડીયા જનરેશનની નવીનતા, તેનુ અમલીકરણ, સંશોધન, સ્ટાર્ટ અપ ઈન્ડિયા અને સ્ટેન્ડ અપ ઈન્ડિયા જેવા વિષયો તેમના વ્યાખ્યાનમાં આવરી લીધા હતા. લગભગ ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓએ આ કાર્યશાળામાં ભાગ લીધો હતો.

સેમકોમ દ્વારા બેસ્ટ બિઝનેશ આઈડીયા સ્પર્ધા છેલ્લા ૧૫ વર્ષથી યોજવામાં આવે છે અને સેમકોમ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે સંકેત શાહે વિદ્યાર્થીઓને આ દીશામાં મદદ કરવાની ઈચ્છા વ્યકત કરી હતી.

આચાર્ય ડો. નિખિલ ઝવેરીના જણાવ્યા અનુસાર બેસ્ટ બિઝનેશ આઈડીયા સ્પર્ધા વિદ્યાર્થીઓને તેઓ જે વર્ગમાં શિખ્યા તે તમામ સૈદ્ધાંતિક પાસાઓ જાણવા માટે વિદ્યાર્થીઓને પુષ્કળ તક આપે છે.

દિવ્યભાસ્કર

તા૪-૪-૨૦૧૬

# સેમકોમના 80 વિદ્યાર્થીઓને ફિલ્મ મેકિંગની સમજ અપાઇ



સેમકોમ કોલેજમાં વિદ્યાર્થીઓને ફિલ્મ મેકિંગ અંગેની કાર્યશાળા યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓને પ્રાયોગિક સમજ આપવામાં આવી હતી.

## વિદ્યાર્થીઓની 20 ટીમોએ પ્રાયોગિક ધોરણે પોતાની પહેલી ફિલ્મ રજૂ કરી

ભાસ્કર ન્યૂઝ | આણંદ

વલ્લભ વિદ્યાનગર સ્થિત સેમકોમ કોલેજમાં સિનેકોન ફિલ્મ મેકિંગની કાર્યશાળા યોજવામાં આવી હતી. જેમાં 80 વિદ્યાર્થીઓને ફિલ્મ મેકિંગની પ્રક્રિયા વિશે સમજ આપવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓને પ્રયોગિક સમજ આપવા ફિલ્મનું શૂટિંગ કરવા જણાવવામાં આવેલું. જે અંતર્ગત વિદ્યાર્થીઓની 20 ટીમોએ પોતાની પહેલી ફિલ્મ રજૂ કરી હતી.

સેમકોમ કોલેજના પ્રિન્સિપાલ ડો.નિખિલ ઝવેરીએ જણાવ્યું હતું કે સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓની કારકિર્દી પસંદગી કરવા માટે કુતુહલતા વધતી જાય છે. પ્રણાલીગત કારકિર્દી સીએ, એમબીએ અથવા આઇટીની સાથે બીજા રસપ્રદ કોર્ષ કંઇ રીતે જોડી શકાય જેથી રેચનાત્મક અને નવીનતા લાગે તે દિશામાં વિદ્યાર્થીઓ આગળ વધી રહ્યા છે. વિદ્યાર્થીઓને આ દિશામાં પ્લેટફોર્મ પુરું પાડવા માટે સેમકોમ કોલેજ અગ્રેસર રહે છે. જે અંતર્ગત સિનેકોન-શોર્ટ ફિલ્મ સ્પર્ધાનું આયોજન કરીને કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને ફિલ્મ મેકિંગ તરફ પ્રોત્સાહિત કરવામાં આવે છે. સ્પર્ધાના ભાગરૂપે બે દિવસીય કાર્યશાળા યોજવામાં આવી હતી. જેમાં મુખ્ય વક્તા તરીકે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને સુભાષ ઘાઇની વ્હિસલિંગ વુડસ ઇન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરતાં શરદ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યશાળામાં 80 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યશાળામાં વિદ્યાર્થીઓને ફિલ્મ મેકિંગની પ્રક્રિયાને વિગતવાર સમજાવવામાં આવી હતી. જેમાં કથાવસ્તુને નક્કી કરવાથી માંડીને સ્ક્રીપ્ટ લેખન, ડાયલોગની ગોઠવણી, પાત્રની વરણી, સીનના બેકગ્રાઉન્ડ, લાઇટીંગ અને સાઉન્ડ વગેરેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. તેમજ કેમેરા અને લેન્સનો અસરકારક ઉપયોગ કઇ રીતે કરવો તેની માહિતી પણ આપી હતી. વિદ્યાર્થીઓની 20 ટીમોએ પોતાની પહેલી ફિલ્મ રજૂ કરી હતી. કો.ઓર્ડિનેટર ડો.પ્રિતી લુહાણા, ડો.નિશરીન પઠાણ અને પ્રો.રીચા ગુલવાનીના પ્રયાસથી કાર્યશિબિર સફળ રહી હતી.

ન્યૂઝપેપર
તા. ૯-૮-૨૦૧૬
(39)

# સેમકોમ કોલેજ ખાતે સિનેકોન ફિલ્મ મેકીંગ વિશે કાર્યશાળા યોજાઈ



(તસ્વીર : સલીમ, મમતા સ્ટુડિયો, વિદ્યાનગર)

વિદ્યાનગર, તા. ૮

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા તાજેતરમાં સીનેકોન ફિલ્મ મેકીંગ કાર્યશાળા નું આયોજન કરવામાં આવ્યું હતું. સિનકોન-શોર્ટ ફિલ્મ સ્પર્ધાનું આયોજન કરીને કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને ફિલ્મ મેકીંગ તરફ પ્રોત્સાહિત કરવામાં આવે છે અને આ સ્પર્ધાના ભાગરૂપે બેદિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળાના મુખ્ય વકતા તરીકે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને સુભાષ ઘાઈની વ્હીસલીંગ વુડસ ઈન્સ્ટીટયુટમાં અભ્યાસ કરતા શરદ બ્રહ્મભટ્ટને આમંત્રિત કરાયા હતા.

લગભગ ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ કાર્યશાળામાં ભાગ લીધો હતો. આ કાર્યશાળામાં વિદ્યાર્થીઓને કાર્યશાળામાં ફિલ્મ મેકીંગ પ્રોસેસને વિગતવાર સમજાવવા માં આવી હતી તેમાં કથાવસ્તુને નકકી કરવાથી માંડીને સ્ક્રીપ લેખન, ડાયલોગની ગોઠવણી, પાત્રની વરણી, સીનાના બેકગ્રાઉન્ડ, લાઈટીંગ અને સાઉન્ડ વગેરેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કેમેરા અને લેન્સનો અસરકારક ઉપયોગ કઈ રીતે કરવો તેની પણ ગહન માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને પ્રાયોગિક સમજ આપવા માટે એક વિડીયો જાતે શુટ કરી લાવવા જણાવ્યું હતું. જેમાં ૨૦ જેટલા ટીમોએ પોતાની પહેલી ફિલ્મ રજૂ કરી હતી.

સંદેશ
5/4/2016

# સેમકોમ કોલેજમાં ફિલ્મ મેકીંગ વર્કશોપ



વલ્લભવિદ્યાનગર : ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા સીનેકોન ફિલ્મ મેકીંગની કાર્યશાળાનુ આયોજન કરાયુ હતું. પ્રિ.ડૉ. નિખીલ ઝવેરીના માર્ગદર્શન હેઠળ યોજાયેલ શિબિરમાં સિનેકોન-શોર્ટ ફિલ્મ સ્પર્ધાનુ આયોજન કરીને વિદ્યાર્થીઓને ફિલ્મ મેકીંગ પ્રત્યે પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા. વકતા તરીકે કોલેજના ભૂ.પૂ.વિદ્યાર્થી અને સુભાષ ધાઈની વ્હિસલિંગ વુડસ ઈન્સ્ટીટ્યુટના છાત્ર શરદ બ્રહ્મભટ્ટે માહિતી આપી હતી. કો-ઓર્ડી. ડૉ. પ્રિતી લુહાણા, ડૉ.નિસરીન પઠાણ, પ્રા. રીચા ગુલવાનીના પ્રયાસથી કાર્યશિબિર સફળ રહી હતી.

જયહિન્દ

8-8-2016

38

# સેમકોમ કોલેજમાં વાલીઓ માટે પરિસંવાદ યોજાયો

આણંદ, તા. ૭

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે એકદિવસીય પરિસંવાદ યોજાયો હતો.

'ટ્રાન્સ પેરેન્ટિંગ : હાઉ ટુ બી હેપી પેરેન્ટસ'ના વિષય પર આ પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદના મુખ્ય વક્તા તરીકે ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેપીનેસના જસ્વીનંદર પાલ સિંગ સ્વાનીએ સેવા આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં કાર્યકારી આચાર્ય ડો. કામિની શાહે મુખ્ય વક્તા જસ્વીનંદર પાલ સિંગને આવકારી તેઓનો પરિચય આપ્યો હતો.

સ્વાનીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાંવ્યું હતું કે બાળકો, વાલીઓનું અનુકરણ કરતા હોય છે. તો વાલીઓએ તેમંના બાળક પાસેથી જે અપેક્ષાઓ હોય તેવું પોતે પણ એવું વર્તન અપનાવવું પડે જેથી તેમનું બાળક યોગ્ય રીતે ગડાય. તેઓએ તેમના બાંળક સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર અને અહમ વગર વાતચીત કરવી જેથી કરીને તેમનું આત્મસન્માન જળવાઈ રહે. તેઓએ વધુમાં એવું જણાવ્યું હતું કે, બાળક એ તમારા સંપત્તિ નથી તમે એના ઉછેરનું એક માધ્યમ છો. આ પરિસંવાદમાં કુલ ૧૧૦ જેટલા વાલીઓએ ભાગ લીધો હતો.

સરદાર ગુર્જરી
તા. ૯-૪-૨૦૧૬
40

# સેમકોમ કોલેજમાં વાલીઓ માટે પરિસંવાદ યોજાયો





આણંદ,તા.૮

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે એક દિવસીય પરિસંવાદ યોજાયો હતો.

ટ્રાન્સ પેરેન્ટીંગ : હાઉ ટુ બી હેપી પેરેન્ટસ ના વિષય પર આ પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદના મુખ્ય વક્તા તરીકે ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેપીનેસના જસ્વીનંદર પાલ સિંગ સ્વાનીએ સેવા આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં કાર્યકારી આચાર્ય ડો. કામિની શાહે મુખ્ય વક્તા જસ્વીનંદર પાલ સિંગને આવકારી તેઓનો પરિચય આપ્યો હતો.

સ્વાનીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે બાળકો વાલીઓનું અનુકરણ કરતા હોય છે તો વાલીઓએ તેમના બાળક પાસેથી જે અપેક્ષાઓ હોય તેવું પોતે પણ એવું વર્તન અપનાવવું પડે જેથી તેમનું બાળક યોગ્ય રીતે ઘડાય. તેઓએ તેમના બાળક સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર અને અહમ વગર વાતચીત કરવી જેથી કરીને તેમનું આત્મસન્માન જળવાય રહે તેઓએ વધુમાં એવું જણાવ્યું હતું કે બાળક એ તમારા સંપત્તિ નથી તમે એના ઉછેરનું એક માધ્યમ છો. આ પરિસંવાદમાં કુલ ૧૧૦ જેટલા વાલીઓએ ભાગ લીધો હતો.

આચાર્ય ડો. નિખિલ ઝવેરીના માર્ગદર્શન હેઠળ લાભાર્થી મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડો. અજયરાજ વ્યાસ, કો-ઓર્ડિનેટર પ્રા. હર્ષિદા પટેલ, પ્રો. રેનિલ થોમસના માર્ગદર્શન હેઠળ આ પરિસંવાદ સફળ થયો હતો.

નયાપડકાર
તા ૮-૮-૨૦૧૮

# સેમકોમ કોલેજમાં વાલીઓ માટે પરિસંવાદ યોજાયો

વિદ્યાનગર, તા.૭

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે એક દિવસીય પરિસંવાદ યોજાયો હતો.

ટ્રાન્સ પેરેન્ટીંગ : હાઉ ટુ બી હેપી પેરેન્ટસના વિષય પર આ પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદના મુખ્ય વકતા તરીકે ઈન્સ્ટીટયુટ ઓફ હેપીનેસના જસ્વીનંદર પાલ સીંગ સ્વાનીએ સેવા આપી હતી. કાર્યક્રમની શરુઆતમાં કાર્યકારી આચાર્ય ડો. કામીની શાહે મુખ્ય વકતા જસ્વીનંદર પાલ સીંગને આવકારી તેઓનો પરિચય આપ્યો હતો.



ચારુતર વિદ્યા મંડળ સંચાલિત સેમકોમ કોલેજમાં વાલી મીટીંગ યોજાઈ. જે પ્રસંગે જસ્વીનંદર પાલ સીંગ સ્વાનીએ વાલીઓને પ્રવચન આપ્યું હતું. (તસવીર : સલીમ, મમતા સ્ટુડીયો, વિદ્યાનગર)

સ્વાનીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે બાળકો વાલીઓનું અનુકરણ કરતા હોય છે તો વાલીઓએ તેમના બાળક પાસેથી જે અપેક્ષાઓ હોય તેવું પોતે પણ એવું વર્તન અપનાવવું પડે જેથી તેમનું બાળક યોગ્ય રીતે ઘડાય.

સંદેશ
તા 7-8-2016

# સેમકોમમાં વાલીઓ માટે પરીસંવાદ




વલ્લભવિદ્યાનગર : ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે પ્રથમ વર્ષમા અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના વાલીઓ માટે એકદિવસીય પરીસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્ય વકતા તરીકે ઈન્સ્ટીટયુટ ઓફ હેપીનેસના જસ્વીનંદર પાલ સિંગ સ્વાનીએ સેવા આપી હતી. આ પ્રસંગે તેમણે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. પ્રિ. ડૉ. નિખીલ ઝવેરી, કા.પ્રિ. ડૉ. કામિની શાહ, કો-ઓર્ડી પ્રા.હર્ષિદા પટેલ, ડૉ. અજયરાજ વ્યાસ, પ્રો. રેનિલ થોમસે ઉમદા જહેમત ઉઠાવી હતી.

નયા પડકાર
તા. ૨૫-૮.૨૦૧૬

45




ચારુત્તર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે ૭૦મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે રાષ્ટ્રગીતોની સ્પર્ધા યોજાઈ હતી. જે ઉપરોકત તસવીરોમાં વિવિધ રાષ્ટ્રગીતોના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. (તસવીર : સલીમ-મમતા સ્ટુડિયો, વિદ્યાનગર)

૫-૮-૨૦૧૬
સરદાર ગુર્જરી

સરદાર ગુર્જરી

# સેમકોમ કોલેજે સંસ્કૃત શ્લોક પઠન સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું

આણંદ, તા.૪

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા પીજી ડિપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત દ્વારા આયોજીત સંસ્કૃત શ્લોક પઠન સ્પર્ધામાં ભાગ લીધો હતો આ સ્પર્ધામાં સેમકોમ કોલેજે પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

સ્પર્ધામાં કોલેજની રીયા ડી. પટેલ અને રીયા પી. પટેલે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કુલ ૨૮-૩૦ કોલેજોએ ભાગ લીધો હતો જેમાંથી સેમકોમ કોલેજ પ્રથમ સ્થાને રહી હતી.



આચાર્ય ડો. નિખિલ ઝવેરીના માર્ગદર્શન હેઠળ ડો. સર્વેશ ત્રિવેદી અને ડો. પ્રિતી લુહાણાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરુ પાડ્યું હતું. સમગ્ર કોલેજ, સ્ટાફ અને વિદ્યાર્થીઓએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.